3.16

સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગોના જાતિ પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત સત્તાવાળાઓ.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:સશપ/૧૪૯૭/૧૭૪૫/૨૯૫(૨૦૦૨)/અ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૨૫-૨૦૦૨
27 MAY 2002

વંચાણે લીધા:-

(૧) મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧-૪-૭૮ નો ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮-૨૨૪૫૮-હ

(૨) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૫-૨-૭૯ નો ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮-૨૪૩૮(૭૯)-હ.

(૩) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૮/૭/૯૮ નો પરિપત્ર ક્રમાંક: સશપ-૧૪૯૭-૧૭૪૫-અ.

પરિપત્ર :-

સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ તેમજ આર્થિક પછાત વર્ગના સામાજીક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓના લાભો મેળવવા માટે આ વર્ગના લોકોએ આમુખમાં દર્શાવેલ વિવિધ ઠરાવોથી અધિકૃત કરાયેલ અધિકારીઓ પાસેથી જાતિપ્રમાણપત્ર મેળવવાનું રહે છે. તા. ૧૮/૭/૯૮ ના પરિપત્રથી સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના લોકોને જાતિ પ્રમાણપત્ર મેળવવા બાબતની આ સુચનાઓ સંકલિત રીતે પણ પ્રસિધ્ધ કરવામાં આવેલી છે.

૨. સરકારશ્રી ધ્વારા વિવિધ અધિકારીઓને પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ અધિકારી તરીકે અપાયેલ આ સત્તામાં સરકારની મંજૂરી સિવાય કોઈ ફેરફાર કરી શકાય નહી કે તેવી સત્તા ધરાવતા કોઈ અધિકારી આ સત્તાઓનું અન્ય કોઈ તાબાના અધિકારીકે કર્મચારીને સત્તા વિધાન કરી શકે નહી કે તેવી કોઈ કાર્યવાહી માટે અધિકૃત કરી શકાય પણ નહી. તેમ છતાં, નામદાર હાઈકોર્ટ સમક્ષ રજૂ થયેલ એક પીટીશનના કિસ્સામાં રાજયની એક જિલ્લા પંચાયત હસ્તકના તાલુકા વિકાસ અધિકારીએ જાતિ પ્રમાણપત્ર આપવા પોતાના સક્ષમ અધિકારી તરીકેના સઘળા અધિકારો નાયબ તાલુકા વિકાસ અધિકારીને સુપ્રત કરીને નાયબ તાલુકા વિકાસ અધિકારીની સહીથી પ્રમાણપત્ર અપાયાનો અનઅધિકૃત કિસ્સો સરકારના ધ્યાન પર આવ્યો છે.

૩. આ અનઅધિકૃત કાર્યવાહીને પરીણામે એક બાજુ, નાયબ તાલુકા વિકાસ અધિકારી ધ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર રદ કરવુ પડે છે, જયારેબીજી બાજુ સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના વ્યકિતને કાયદેસરના લાભથી વંચિત થવુ પડે છે. આ બાબત ખુબજ ગંભીર વહીવટી અનિયમિતતા ગણાય, આ બાબતનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે નામદાર હાઈકોર્ટે તમામ સબંધિતોને જરુરી સુચના પાઠવવા તાકીદ કરેલ છે. આ સંજોગોમાં જાતિ પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કરાયેલ તમામ સક્ષમ અધિકારીઓને સખત તાકીદે સાથે આથી સુચિત કરવામાં આવે છે કે જાતિ પ્રમાણપત્ર આપવાની આ સત્તાનો સક્ષમ અધિકારી ધ્વારાજ યોગ્ય

327

અમલ થાય અને જે અધિકારીઓને સરકારના આવા હુકમોથી સ્પષ્ટપણે અધિકૃત કરાયા ન હોય તેવા કોઈ અધિકારીઓએ જાતિ પ્રમાણપત્ર આપવું નહી. આ બાબતમાં લેશમાત્ર શિથિલતા જણાશે તો સંબંધકર્તા અધિકારી ની જવાબદારી નક્કી કરી ગંભીર પગલા લેવામાં આવશે.

૪. આ સૂચનાઓનો યોગ્ય રીતે બરાબર અમલ થાય તે જોવા માટે નિયામકશ્રી વિકસતીજાતિ તથા સબંધકર્તા ખાતાના વડાઓને ખાસ વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. ડી. સોની)
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

—નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
—મા.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
—બધા મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય,ગાંધીનગર
—કાયદા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
—મહેસુલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
—પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
—રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ.
—સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
—સચિવશ્રી, ગૌણસેવા, ગાંધીનગર.
—સચિવશ્રી, તકેદારી આયોગ,સચિવાલય, ગાંધીનગર
—સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
—સર્વે જિલ્લા કલેક્ટરશ્રી,/જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાબાના સક્ષમ અધિકારીશ્રીના ધ્યાન પર આ સૂચનાઓ મૂકવાની વિનંતી સહ.
—નિયામકશ્રી,વિકસતીજાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
—નિયામકશ્રી,અનુસુચિતજાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
—સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની- હ,જ,ગ,અ૧,છ,શાખાઓ
—સિલેક્ટ ફાઈલ.

૧૦૬૦અ